# સંશોધન નિયામકશ્રીની કચેરી
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ-૩૮૮ ૧૧૦

વંચાણે લીધી: 1. સિકયુરીટી કમિટીની તા.૦૮/૦૧/૨૦૧૯ની બેઠકની કાર્યનોંધ
2. માન.કુલપતિશ્રી દ્વારા અત્રેની કચેરીની તા.૧૭/૦૧/૨૦૧૯ની નોંધ પર આપેલ મંજુરી

## પરિપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને વંચાણે લીધેલ સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આણંદ કૃષિ યુનિવર્સિટીમાં આવેલ ચંદનના વૃક્ષો પૈકી ૪૦ વૃક્ષોને લોખંડનું બોક્ષ ફીટ કરવાનું વિચારણા હેઠળ હતું. જે પૈકી હાલમાં કુલ ૨૪ ચંદનના વૃક્ષોને લોખંડનું બોક્ષ એ-૧ એ-વન ઇન્ડસ્ટ્રીયલ સિકયુરીટી એન્ડ ઇન્વેસ્ટીગેશન સર્વિસ દ્વારા તેઓના ખર્ચે ફીટ કરવામાં આવેલ છે. જયારે બાકી રહેલ ૧૬ વૃક્ષોને અત્રેની કચેરીની સુચના અનુસાર જે તે યુનિટ/વિભાગ/કેન્દ્ર દ્વારા લોખંડનું બોક્ષ ફીટ કરવાનું રહેશે. વધુમાં, ભવિષ્યમાં જયારે પણ યુનિવર્સિટીમાં કોઇ પણ યુનિટ/વિભાગ/કેન્દ્ર હસ્તકના ચંદનના વૃક્ષનો ઘેરાવો ૧.૫ થી ૧.૭૫ ફૂટ જેટલો થાય ત્યારે જે તે યુનિટ વડાએ સ્થળ મુલાકાત કરીને સદર વૃક્ષને લોખંડનું બોક્ષ ફીટ કરવાનું રહેશે. વધુમાં, હાલમાં જે ચંદનના વૃક્ષોને લોખંડનું બોક્ષ ફીટ કરવામાં આવેલ છે તેને અત્રેની કચેરી દ્વારા ક્રમાનુસાર નંબર આપીને સંબંધિત વિભાગને જણાવવામાં આવશે જેથી સંબંધિત વિભાગે તેના પેટીસ્ટોર રજીસ્ટરમાં એ-૧ એ-વન ઇન્ડસ્ટ્રીયલ સિકયુરીટી એન્ડ ઇન્વેસ્ટીગેશન સર્વિસ તરફથી મળેલ છે તેવી નોંધ કરીને સદર બોક્ષ જમા લેવું જેથી ભવિષ્યમાં તેનો ઉપયોગ થઇ શકે. આ ઉપરાંત સંબંધિત વિભાગ દ્વારા સદર ચંદનના વૃક્ષોની જાડાઇ, ઉંચાઇ વિગરે બાબતો સમયાંતરે નોંધવાની રહેશે. વધુમાં, ભવિષ્યમાં જે ચંદનના વૃક્ષને લોંખડનું બોક્ષ ફીટ કરવામાં આવે ત્યારે સંબંધિત વિભાગે તેનો નંબર અત્રેની કચેરી ખાતેથી મેળવી લઇને પેટી સ્ટોર રજીસ્ટરમાં નોંધણી કરી લેવી. જે યુનિટ/વિભાગ/કેન્દ્ર દ્વારા પોતાના હસ્તકના ચંદનના વૃક્ષની ઝાડ રજીસ્ટરમાં નોધંણી કરવામાં આવેલ ન હોય તો તેની નોંધણી કરવા જણાવવામાં આવે છે. આ પરિપત્રનો તાત્કાલિક અમલ કરવાનો રહેશે.

જા.નં. આ.કૃ.યુ/સં.નિ./ ટી.૧/ ૧૦૩૬૪ /૨૦૧૯
તા. ૧૨/૦૨/૨૦૧૯

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

<u>નકલ રવાના પ્રતિ,</u>

1. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ સારૂ
2. આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઉપરોકત બાબતે તાત્કાલિક કાર્યવાહી કરીને તેની જાણ અત્રેની કચેરીએ દિવસ-૧૫માં કરવા જણાવવામાં આવે છે.

D:\2018-19\Circular.docx